R.N.I. No. 66450/97.REGN. No. Guj/189 /2012-14 .Valid upto 31Dec / 2014. Posted at A'bad PSO-Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 16•ISSUE: 12 DATE: 24-03-2012 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## કુડનકુલમ ન્યુક્લીયર પાવરપ્લાન્ટના વિરોધીઓને મદદકર્તા ત્રણ એનજીઓના પરવાના રદ

કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયે,ત્રણ એનજીઓ, જેઓ તામીલનાડું,કુડનકુલમ ખાતે ન્યુક્લીયર પાવરપ્લાન્ટના વિરોધીઓને મદદ કરવાનું કાર્ય કરી રહે છે તેમના પરવાના રદ કર્યા હતા.આ ન્યુક્લીયર પાવરપ્લાન્ટ રશીયાના સહકારથી બાંધવામાં આવ્યો છે.ગૃહમંત્રાલયે ત્રણ એનજીઓના પરવાના રદ કરવા પાછળનું કારણ એ બતાવ્યું હતું કે તેઓને મળેલી વિદેશી સહાય નો ઉપયોગ તેમણે આ પ્લાન્ટના વિરોધીઓને મદદ પાછળ ખર્ચ કર્યા છે.મિનિસ્ટર ઓફ સ્ટેટ,ઈન પ્રાઈમ મિનીસ્ટર ઓફીસ, વી.નારાયનસ્વામીએ પગલાં લેવાયા છે તેને અનુમોદન આપ્યું હતું પરંતુ આ ત્રણ એનજીઓના નામો આપ્યા નહોતા.

આ ત્રણ એનજીઓ વિદેશથી જે નાણાં દાન સ્વરુપે મેળવે છે તે માત્ર શારીરીક અપંગ અને રક્તપિત્તના રોગીઓની સારવાર પાછળ ખર્ચવાના હોય છે.પરંતુ આ પૈકીના નાણાં આ અણુ પ્લાન્ટના વિરોધ કરવા પાછળ વપરાયા હોવાનું નારાયણસ્વામીએ જણાવ્યું હતું.જેથી વિદેશી સહાય મેળવવા માટેનો કાયદો છે તેનો તેમાં ભંગ થયો છે.કાયદામાં જે પ્રમાણેની જોગવાઈ છે તે પ્રમાણે નાણાંનો ઉપયોગ થયો નથી.વડાપ્રધાનશ્રીએ એનજીઓ પર કરેલા આક્ષેપ બાદ આ પગલું ભરવામાં આવ્યું હતું.

ગત માસમાં નારાયણસ્વામીએ તુતીકોરીન ચર્ચ લીડર દ્વારા ચાલતા એક એનજીઓ જેણે ૫૪ કરોડ રુપીયાનુ વિદેશી ફંડ મેળવ્યું હતું તેની સામે આક્ષેપ કર્યો હતો. આ એનજીઓ તુતીકોરીન ડાયોસીસ એસોસીએશન,(ટીડીએ), અને તુતીકોરીન મલ્ટીપરપઝ સોશ્યલ સર્વીસ સોસાયટી સાથે જોડાયેલા છે. ઈન્ડીયન એકપ્રેસના રીપોર્ટ મુજબ આ એનજીઓને ગત વર્ષે એફસીઆરએ માં ક્લીયરન્સ આપવામાં આવ્યું હતું.પરંતુ તેમનું નામ ગૃહમંત્રાલયની વેબ સાઈટ પરથી દુર કરવામાં આવ્યું નહોતું.એફસીઆરએ ક્લીયરન્સ માટં ૪૨ હજાર એનજીઓનું લીસ્ટ છે.

કેટલાંક ખ્રિસ્તી સંગઠનો,જેમાં પીપલ્સ એજ્યુકેશન ફોર એક્શન એન્ડ લીબ્રેશન(પીઈએએલ) અને ગુડવીઝન પણ ગૃહમંત્રાલયની નજર હેઠળ છે.અમેરિકા અને સ્કેન્ડેવીયન દેશોાં કુડનકુલમ પાવર પ્રોજેકટનો વિરોધ કરવા માટે નાણાં આવી રહ્યા છે એ આક્ષેપ બાદ તપાસ થઈ રહી છે.

આ આક્ષેપોનો ચર્ચ અને કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.વડાપ્રધાનશ્રીએ કરેલુ નિવેદન પાવરપ્લાન્ટના વિરોધને નબળો પાડવાનું માત્ર કારણ છે.વડાપ્રધાનનું નિવેદન વિરોધાભાસી અને માની શકાય નહી તેવું છે.પીએમએએનઈ ના શ્રી એસપી ઉદયકુમારે જણાવ્યું હતું. સરકાર હાલમાં દર મહિને ૭૫૦ કરોડનો ન્યુકલીયર પાવર પ્લાન્ટ શરુ નહી થઈ શકવાને કારણે ખોટ સહન કરી રહી છે.જે હજુ સુધી ચાલુ થઈ શક્યો નથી.

## સફળતાપુર્વક પોલીયોની નાબુદી બાદ,ઓરી અછબડા નાબુદી અભિયાન



પોલીયોની સફળતા પુર્વક નાબુદી બાદ, ભારતમાંથી ઓરી-અછબડાને નાબુદ કરવાનું અભિયાન સરકારે હાથમાં લીધું છે.ઓરી-અછબડા અને તેનાથી થતા ધનુરના રોગોને કારણે બાળકોમાં મૃત્યુનું પ્રમાણ ઘટાડવા માટે સરકારે પ્રયત્ન શરુ કરી દીધા છે.કેન્દ્રના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી ગુલામ નબી આઝાદે જણાવ્યું હતું કે પોલીયો નાબુદી અભિયાનથી અમોને ઘણું શીખવાનું મળ્યું છે.પોલીયો પ્રોગ્રામ ખુબજ ઉપયોગી અને તે રોગના નિવારણમાં મદદરુપ બન્યો છે.એજ રીતે અમો ઓરી અછબડા અભિયાનને ચલાવવા માંગીએ છીએ.

૨૦૧૨ નું વર્ષ સલામતીના વર્ષ તરીકે ઉજવવા માંગીએ છીએ.૧ એપ્રીલથી સલામતીનું વર્ષ શરુ થશે.જેમાં ૨૦૭ જીલ્લાઓને આવરી લેવામાં આવશે અને તેમાં આરોગ્યની સલામતીના પગલાં લેવામાં આવશે.તેમણે કહ્યું હતું કે ૨૬ મીલીયન માતાઓ અને બાળકોની નોધણી કરવામાં આવી છે.બે દિવસની પોલીયો સમીટ-૨૦૧૨ માં તેમણે રોટરી ઈન્ટરનેશનલ, હુ, યુનીસેફ,સીડીસી, ગેટ્સ ફાઉન્ડેશન, ગેવી, અને બીજા અને મદદગારો જેવો પોલીયો અને અન્ય રોગોથી મુક્ત થવા માટેના આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં સરકારના ભાગીદાર છે તેઓ સલામતીના વર્ષ દરમિયાન તેમની સાથે મદદમાં જોડાશે.

ઓરી અછબડાનો પ્રથમ ડોઝ અપાઈ ચુકયો છે. અને ૧૪ રાજ્યોમાં બીજો ડોઝ આપવામાં આવશે જે ૮૦ ટકાને આવરી લેશે.આરોગ્ય ખાતાનો લક્ષાંક દેશના ૧૩૦ મીલીયન બાળકોને આ અભિયાનમાં આવરી લેવાનો છે.તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશને ભારતનુ નામ પોલીયો અભિયાનમાંથી દુર કરી દીધું છે.ભારત છેલ્લા એક વર્ષથી પોલીયોથી મુક્ત બન્યું છે.

પોલીયો સમીટ-૨૦૧૨ ન્યુ દિલ્હી ખાતે મળી તેમાં બોલતા વડા પ્રધાનશ્રી મનમોહનસિંહે જણાવ્યુ હતુ કે ભારત સરકારના પ્રયત્નો અને રાજ્યોની તેમાં ભાગીદારીથી પ્રયત્નોમાં સફળતા મળે છે.આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંગઠનો અને કેટલાંક ગ્રુપો જેવાં કે રોટરી ઈન્ટરનેશનલ,હુ,અને યુનીસેફ અને ૨૩ લાખ જેટલા સ્વયંસેવકો, સુપરવાઈઝરોએ ભેગા મળીને દેશમાંથી પોલીયો જેવા રોગને નેસ્તનાબુદ કર્યો છે તે સરાહનીય છે.આપણા માટે એ સંતોષની બાબત છે કે દેશમાં છેલ્લા એક વર્ષમાં એકપણ પોલીયોનો કેસ નોધાયો નથી.જે આપણી આશાને બળ આપે છે કે આપણે પોલીયો પર જીત મેળવી છે.તેને માત્ર દેશમાંથી જ નાબુદ કર્યો નથી પરંતુ વિશ્વની ધરતી પર જીવતી માતાઓના ચહેરા પરથી તેનો ભય નાબુદ કર્યો છે.આ સફળતા આપણા સહુના સાથે મળીને કરેલા સહયારા પ્રયત્નોને આભારી છએ.


વડાપ્રધાનશ્રીએ વધુમાં ઉમેર્યુ હતુ કે આ દેશમાં હજુ પણ પોષક ખોરાક,સ્વચ્છ પીવાનું પાણી, શૌચાલયો, શિક્ષણ અનો રોગપ્રતિકારક રસીઓની જરુરીયાત છે. દેશે આ દિશામાં તેના પ્રયત્નો વધુ તેજ કરવા પડશે.દેશના દરેક નાગરિકનો પોષણક્ષમ ભાવે આરોગ્યને લગતી સુવિધા ઉપલબ્ધ કરાવવી પડશે.આરોગ્ય મેળવવા માટે ચુકવવી પડતી કિંમત આપણા માટે એક પડકાર છે.તેથી અમો,ગરીબ લોકોની આરોગ્ય સુવિધા અને તેમને સામાજીક સુરક્ષા ઉપલબ્ધ બને માટે તે દિશામાં કાર્ય કરી રહ્યા છીએ.

## નવા કરારની માર્કની સુવાર્તાની સૌથી જુની કોપી મળી

દલાસ થીયોલોજીકલ સેમીનરીના પ્રોફેસર ડેનીયેલ બી.એ જણાવ્યું હતુ કે તેઓએ માર્કની સુવાર્તાની સૌથી જુની પ્રત શોધી કાઢી છે.જે પ્રથમ શતાબ્દી વર્ષની અથવા તો ઈસુના પુનરુત્થાન સમયના સાક્ષીઓના સમયની પણ હોઈ શકે છે.વોલેસે યુએનસી ચેપલ હીલ ખાતે ફેબ્રુ,૧,૨૦૧૨ના રોજ ૧૦૦૦ હજાર લોકોની સમક્ષ ચર્ચા કરતાં જણાવ્યું હતું કે સાત સુવાર્તાઓ જે મુળ(પ્રાચીન મિસરવાસીઓ જેમાંથી કાગળ જેવો લખવાનો પદાર્થ બનાવતા હતા તે જળ વનસ્પતિ)રીતે મળી આવી છે.તો કદાચ બીજી શતાબ્દીની હોય,પરંતુ માર્કની સુવાર્તા પ્રથમ શતાબ્દીની હોવાની ધારણા છે. પ્રોફેસરના મત મુજબ સંશોધનો ચાલી રહ્યા છે.મળી આવેલ સુવાર્તા મુજબ બાયબલમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે,તેમાં તેના અસલ શબ્દો છે કે પછી તેમાં સુધારા વધારા કરવામાં આવ્યા છે.આનો રેકોર્ડ આવતા વર્ષે બહાર પાડવાની સંભાવના છે.

ક્રેગ એ ઈવાન્સ,પેઝન્ટ,પ્રોફેસર ઓફ ન્યુ ટેસ્ટામેન્ટ,એકેડીયા ડીવીનીટી કોલેજ,દ્વારા ધ ક્રિશ્ચિયન પોસ્ટને આપેલા ઈન્ટરવ્યુંમાં જણાવ્યું હતું કે આ શોધને કારણે બીજી અનેક મહત્વની બાબતોની જાણકારી મળશે.માર્કની સુવાર્તાની જાળવણી કરીને તેને પ્રકાશિત કરવાની અમો આતુરતા પુર્વક રાહ જોઈ રહ્યા છીએ.

આવતા વર્ષમાં તેની કોપીઓ લોકોને જોવા મળી શકશે એવું અનુમાન લગાવાઈ રહ્યું છે.



જુનામાં જુની માર્કની સુવાર્તા મળી આવી તેની તસવીર

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક હવે વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http//jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ અને ફેસબુક ઉપર ગરવી નવક્રાન્તિ સાપ્તાહિકને જોઇ શકાશે.

## ગરવી નવક્રાંતિ

રેલ્વે બજેટમાં સામાન્ય ઉતારુઓ પર બોજો વધ્યો.બજેટ પહેલાં માલવહન પર બોજો લાદી દેવામાં આવ્યો હતો જેથી બજેટમાં એ વધારાને ગણી શકાય નહી,પરંતુ એ બોજો એ બોજો છે. સરકાર પોતાની રીતે હોશીયારી કે ચાલાકી વાપરીને પ્રજાને છેતરવાનો પ્રયાસ કરે છે.દેશની કરોડરજ્જુ સમાન ગણાતી રેલ્વેમાં ઉતારુઓને પડતી હાલાકી દુર કરવા કે વધારાની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બને તે દિશામાં યોગ્ય કામગીરીનો અભાવ વર્તાય છે.રેલ્વે પ્રધાન મમતા બેનર્જી દ્વારા સુચવાયેલ વ્યક્તિ છે.તેમના દ્વારા રજુ કરવામાં આવેલ તેમના જ પક્ષના લોકો વિરોધ કરે તે એક નવીનતા છે.મમતા બેનર્જી એક એવા પ્રકારનું વ્યક્તિત્વ છે કે ક્યારે કોને અને કેવી રીતે તે વર્તશે તે કળી શકાય એમ નથી.યુપીએ સરકારના હંમેશા શ્વાસ અધ્ધર રાખવાનું તેમનું વર્તન યુપીએના નેતાઓ માટે પડકારરુપ છે.છતાં તેમનો ટેકો પણ એટલો જરુરી હોય તેમને પોખવા પડે છે એ યુપીએ ઘટકની લાચારી છે.બજેટો વર્ષોથી રજુ થતાં રહ્યા છે અને તેમા કહેવાયેલ ઘણી બાબતો પ્રજાને માટે પુરી થતી નથી.જે કહેવાય તે કરાય એવું કરવું જરુરી છે.


### લગ્ન વિષયક

પ્રોટેસ્ટંટ કુંવારી યુવતી, ઉં.૪૧વર્ષ,ઉંચાઇ ૫ફુટ ૬ઇંચ, વજન ૬૯ કીલો,રંગે ગોરી, ગ્રેજ્યુએટ,તથા પ્રીપીટીસી (મોન્ટેસરી),શિક્ષક તરીકે નોકરી કરતી કન્યા માટે યોગ્ય પાત્ર તરફથી પત્ર વ્યવહાર આવકાર્ય છે.

સમકક્ષ ઉંચાઇ,સારુ ભણતર,નિર્વ્યસની અને કાયમી નોકરી ધરાવતા પાત્ર કે તેમના વાલીઓ તરફથી બાયોડેટા અને ફુલ સાઇઝના ફોટાગ્રાફ (પરત)સાથે લખો.

નવક્રાન્તિ(જી-૧),૨/૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર,અમદાવાદ.૭.(મો.૯૮૨૫૧-૬૯૩૮૬)


## લાદેન આતંક ફેલાવવા માટે બાયબલના સંદેશાનો ઉપયોગ કરતો હતો !



ઓસામા બિન લાદેન, અલ કાયદાનો ચીફ,બાયબલની બે કોપીઓનો પોતાના ખાનગી કોડ લખવા માટે અને વિશ્વમાં આતંક ફેલાવવા માટે ઉપયોગ કરતો હોવાનું અનુમાન પાકિસ્તાની ઇન્ટેલીજન્સ અધીકારીઓએ લગાવ્યું હતું.

બે ખ્રિસ્તી પવિત્ર બુક,અંગ્રેજી ભાષામાં લાદેન મેન્સન જે અબોટાબાદ,પાકિસ્તાનમાં આવેલું છે તેને તોડી નાંખવાની કાર્યવાહી દરમિયાન હાથ લાગ્યા હતા.ધ સને પોતાના રીપોર્ટમાં આ બાબત જણાવી હતી.પુસ્તકના કેટલાંક પાનાઓ વાળેલાં હતા અને કેટલીક બાબતો પર ટીકમાર્ક કરવામાં આવી હતી.

ઇન્ટર સર્વીસ ઇન્ટેલીજન્સે જણાવ્યું હતું કે અમોએ ઓસામા બિન લાદેન જ્યાં રહેતો હતો તે મકાનને ધરાશયી કરી દીધું છે.આ મકાન પાડી નાંખ્યું ત્યારે બે બાયબલની કોપી અને બે રેડીયો સેટ મળી આવ્યા હતા.બાયબલ અંગ્રેજી ભાષામાં હતા અને તે ત્યાં કેમ હતા એ અમારા માટે મુંઝવતો પ્રશ્ન્ છે.તેમણે કહ્યું હતું કે જ્યારે મકાન પાડી નાંખવાનું હતું ત્યારે છેલ્લી વખત મકાનની ફરી એક વાર તલાશી લેવામાં આવી હતી અને તેમાં આ વસ્તુઓ મળી આવી હતી.રેડીયો ચાલુ હાલતમાં હતા અને બાયબલની સાથે તેને પણ ચકાસણી માટે મોકલવામાં આવશે.બાયબલના કેટલાક પૃષ્ઠ વાળેલા હતા તેથી લાદેનનો તેમાં શું ઇરાદો હતો તે અમો ચકાસીશું.કદાચ એ જેહાદનું શિક્ષણ આપવા પણ તેનો ઉપયોગ કરતો હોઇ શકે.તેવું એક અધિકારીએ જણાવ્યું હતું.

પાકિસ્તાન ઇન્ટીરીયર મિનીસ્ટર રહેમાન મલીક ના જણાવ્યા પ્રમાણે જે કોઇ ચીજવસ્તુઓ ઓસામા બિન લાદેનની હતી અને જે મળી આવી છે તે કોઇને સોપવામાં આવશે નહીં.પરંતુ અમો તેને રાખીશું,કદાચ તેની જરુરીયાત ન હોય તો તેને બાળી નાંખવામાં આવશે.અને બાયબલ છે તો તેને લાયબ્રેરીમાં કે ચર્ચમાં મોકલી આપવામાં આવશે.

## લગ્નની ફરીથી વ્યાખ્યા કરવી એ સરકારનો અધિકાર છે :બ્રિટિશ મિનિસ્ટર




લેની ફીધરસ્ટોન સરકાર દ્વારા લગ્નની વ્યાખ્યા કરી શકાય મુદ્દે બચાવનામુ રજુ કર્યુ હતું.સરકારે ગે મેરેજને પોતાના ટેકો જાહેર કર્યો હતો.પરંતુ પ્રજા તરફથી આ બાબતે વિરોધ પ્રગટ થયો હતો.

ડેઇલી ટેલીગ્રાફને મિનિસ્ટરે લખ્યું હતું કે લગ્ન પર રાજ્ય કે ચર્ચની માલિકી નથી.પરંતુ એ લોકોની માલિકી કે અધિકાર છે.કેટલાંક એવું માને છે કે સરકારને આ બાબતે કોઇ ફેરફાર કરવાનો અધિકાર નથી.પ્રજા એવું માને છે કે તેમના રીત રીવાજો કે ટ્રેડિશન અકબંધ રહેવા જોઇએ.તેણીએ લખ્યું હતું કે તેઓ આ દષ્ટિકોણને પડકાર આપવા માંગે છે.સરકાર સમાજના મુળભુત સિધ્ધાંતોને તપાસે છે અને ભવિષ્યમાં તેને ઓપ આપે છે.તે આ બાબતે મૌન રહી શકે નહી.જ્યારે તેમાં કોઇ સારી બાબત લાગે તો તેને બદલવાની સરકારને સત્તા છે.

તેણીએ સરકાર ગે ના અધિકારોને મહત્વ આપતી નથી કે ટ્રેડીશનની ઉપરવટ જતી નથી.પરંતુ આપણે જેઓ સાથે રહેવા માંગે છે તેમની ઇચ્છાને બહાલ રાખીએ .હું બધાને માટે એક સરખા માપ રાખવા માંગું છુ.હું ધાર્મિક લગ્નોને પડકાર આપવા માંગતી નથી.અમો સમાજમાં ધર્મનો રોલ,તેના મુલ્યો અને સિધ્ધાન્તોનો આદર કરીએ છીએ.

અમો સમજીએ છીએ કે કેટલાંક ધાર્મિક જુથો આ મુદ્દે મજબુત અને લાગણીશીલ છે.તેથી અમો તેમને સાંભળીયે છીએ અને તેમની સાથે કામ પણ કરીએ છીએ.પરંતુ કેટલાક એવા વિચારો અને લાગણીઓ છે તેને સાથે સાથે પણ આપણે સાંભળવી પડે.

ફીધરસ્ટોને લોકોને વિનંતી કરી હતી કે આ પ્રશ્નને ખોટી ચર્ચામાં સંડોવશો નહી.આ ગે અધિકારો અને ધાર્મિક માન્યતાઓ વચ્ચેની લડાઇ નથી.લગ્ન એક એવી પ્રથા કે સબંધ છે જેમાં લગ્ન સબંધ બાંધનારા એક મજબુત ઇચ્છા શક્તિથી એકબીજા સાથે જોડાય છે.જેમણે તેમનું પાત્ર શોધ્યું છે તેમની સાથે પ્રેમના બંધનોથી જોડાયા છે અને મરણ જુદા પાડે નહી ત્યાં સુધી જોડાઇ રહેવાની ઇચ્છા ધરાવે છે.શા માટે આપણે એવી ઇચ્છા ધરાવનારાઓની માંગણીનો તિરસ્કાર કરીએ ?પછી તે ગે હોય કે લેસબીયન.જેઓ જોડાવા માંગે છે ,તેમનું કુટુંબ સ્થાપિત કરવા માંગે છે એ કોઇપણ હોય,પરંતુ તેમનો આપણે અસ્વીકાર કરવો જોઇએ નહીં.

આપણે એવા કપલો માટે અભિમાન લેવું જોઇએ જેઓ એકબીજાને પુરા હૃદયથી પ્રેમ કરે છે અને સમાજે પણ તેમના પ્રેમનો આદર કરવો જોઇએ.એથી કરીને તમો અમને અમોએ આપેલા વચનો પર પાણી ફેરવશો નહી.

એક પીટીશન દાખલ કરવામાં આવી જેમાં લગ્નની વ્યાખ્યા બદલવાની વાત કહેવામાં આવી છે અને તેની ઉપર ૪૦ હજાર લોકોએ સહી કરી છે.પીટીશન માં લગ્નની વ્યાખ્યા અંગે તેના સમર્થકો જણાવ્યું છે કે લગ્ન એક એવો સબંધ છે જે એક પુરુષ અને એક મહિલા વચ્ચે સ્થપાય છે.દલીલમાં આગળ કહેવાયું છે કે સીવીલ પાર્ટનરશીપથી હોમોસેક્સયુઅલ કપલને કાયદેસર લગ્નના અધીકાર અપાય નહી કે તેના લાભો અપાય નહી.પીટીશનાં સહી કરનારાઓ પૈકી ભુતપુર્વ આર્ચબિશપ ઓફ કેન્ટબરી,લોર્ડ કેરી,લેબર એમ.પી. જીમ ડોબીન,લોર્ડ બ્રીનાન કયુસી,અને બિશપ ઓફ ચીસ્ટર,હીયરફોર્ડ,એકસટર કાર્લીસલી,કોન્વેન્ટ્રી, અને પીટસબર્ગ મુખ્ય હતા.લોર્ડ કેરીએ જણાવ્યું હતું કે ના તો સરકાર કે ના તો ચર્ચ,કોઇને પણ લગ્ન માટે ફરીથી વ્યાખ્યા કરવાનો અધિકાર નથી.સિધ્ધાન્તોમાં બાંધછોડ કરાય નહી.હજારો વર્ષથી વિશ્વભરમાં એક પુરુષ અને એક મહિલા વચ્ચે લગ્નના સબંધો સ્થાપિત થાય છે,તે દરેક સમત અને તેની સાથે સંકળાયેલ સંસ્કૃતિએ સ્વીકારાયેલ બાબત છે.લગ્ન એ સમાજના પાયાની ઇંટ છે.તેથી હું માનું છું કે સામાન્ય પ્રજા પણ તેનો વિરોધ કરશે અને તાજેતરમાં લગ્ન સંસ્થામાં સૈધ્ધાન્તિક ફેરફારોની જે હિમાયત થઇ રહી છે તેનો જડબેસલાક વિરોધ કરશે.અને ખરેખર લગ્ન સંસ્થાને તુટતી બચાવશે.

બ્રિટનમાં ગે લગ્નોને કાયદેસર બનાવવા માટે ચાલી રહેલ કવાયતની માફક ભારતની સુપ્રીમ કોર્ટમાં સજાતીય સબંધોને કાયદેસર બનાવવાની એક કવાયત ચાલી રહી છે.

ભારતની સંસ્કૃતિ અને વિવિધ ધર્મોએ સજાતીય સબંધોને માન્યતા આપી નથી.અને તેનો વિરોધ થઇ રહ્યો છે.પરંતુ પશ્ચિમનો વાયરો આપણા દેશ સુધી આવી પહોચ્યો છે.ઇન્ડીયન પીનલ કોડમાં સજાતીય સબંધો સજાને પાત્ર છે પરંતુ સરકાર તરફથી કુણુ વલણ અપનાવીને આ કલમ કાઢી નાંખવા સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં રજુઆત થઇ ગઇ છે.


**www.christianmatrimonial.in**

**સમગ્ર વિશ્વના કોઇપણ ખુણાંમાંથી આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય પાત્ર મેળવવા માટે એક અજોડ સાઇટ કે જે...**

- ★ જેની અર્પણવિધિ સી.એન.આઇ,ગુજરાતના માનનીય બિશપશ્રી માલવીયા સાહેબના હસ્તે કરવામાં આવેલ છે.
- ★ રજીસ્ટ્રેશન તદ્દન મફત છે.
- ★ સમગ્ર વિશ્વના કોઇપણ દેશનાં ક્રિશ્ચિયન દિકરા-દીકરીઓ મેમ્બર થવાથી બહોળી પસંદગીનો અવકાશ છે.
- ★ જે તે ચર્ચના પાળક/ પાદરી/ફાધરનું સર્ટીફીકેટ આપનારનેજ સભ્ય બનાવવામાં આવે છે જેથી નકલી રજીસ્ટ્રેશનની શક્યતાઓ નહીવત રહે છે.

મફત મેમ્બર થવા માટે અને વધુ વિગત માટે અમારી સાઇટ www.christianmatrimonial.in નો સંપર્ક કરવા વિનંતી છે.

**ડો. ગીરીષ પી. પરમાર**

૩૦૩-૩૦૫,રાધે પાર્ક,ક્રિશ્ના પાર્ક પાસે ડાંડી રોડ,જહાંગીરાબાદ, સુરત.

મો.૯૯૨૫૨૩૧૭૦૩




**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭ ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ગાંધીની મરણોત્તર અપાયેલ બાપ્તિસમાનો વિવાદ



ધ ચર્ચ ઓફ જીસસ ક્રાઇસ્ટ ઓફ લેટર ડે સેંટ,સોલ્ટ સીટી,અમેરિકા દ્વારા શાંતિદુત મહાત્મા ગાંધીને મરણોત્તર બાપ્તિસમા આપવામાં આવ્યું હોવાના એક રીપોર્ટનો અમેરિકા સ્થિત એક હિંદુ સંગઠને વિરોધ કર્યો હતો.રાજન જેડ,નેવાડા દ્વારા જણાવાયું હતું કે આ એક આધાતજનક સમાચાર છે કે ગાંધી એક હિંદુ તરીકે જીવ્યા,તેમની અંતિમ વિધિ હિંદુ રીતરીવાજો પ્રમાણે કરાઇ,અને તેમની ગેરહાજરીમાં તેમને એલડીએસ દ્વારા બાપ્તિસમા આપવામાં આવ્યુ તે છે.તે એક સનસનાટીભર્યા અને ઘૃણાજનક સમાચાર છે જેણે અમારી લાગણીઓને ઠેસ પહોચાડી છે.વિશ્વભરમાં વસતા તમામ હિંદુઓને તેનાથી આઘાત લાગ્યો છે.

એક સ્વતંત્ર સંશોધક હેલન રેડકી,સોલ્ટ લેક સીટી થી શ્રી જેડને ઇ-મેઇલ કર્યો.શ્રી રાજન જેડ,યુનીવર્સલ સોસાયટી ઓફ હિંદુઝમના પ્રેસિડેન્ટ છે.ઇ-મેઇલમાં જે પેઇજ મોકલાયા તેમાં ફેમીલી સર્ચ,એલડીએસ સર્વીસમાંથી લેવાયેલ માહીતી હતી.તેમાં બતાવાયું હતું કે મોહનદાસ કરમચંદ ગાંધી(જેની ઓળખ એલએચટીઆર-૬૨ઝેડ અપાઇ હતી)જન્મ ઓકટો.૨,૧૮૬૯, પોરબંદરમાં અને મરણ જાન્યુઆરી ૩૦,૧૯૪૮ ન્યુ દિલ્હી ખાતે)અને તેઓનું બાપ્તિસમા માર્ચ ૨૭,૧૯૯૬ના રોજ સોલ્ટ લેક સીટી ઉતાહ ટેમ્પલ ખાતે કરવામાં આવ્યું.તેની નોંધ નવેમ્બર ૧૭,૨૦૦૭,સાઓ પાઉલો બ્રાઝિલ ટેમ્પલ ખાતે,અને તેની સંપુર્ણ નોધ ફેબ્રુઆરી ૪,૨૦૦૯ માં સાઓ પાઉલો બ્રાઝીલ ટેમ્પલ ખાતે,જેમાં ગાંધીના માતાપિતા તેમના બાળકો અને પરિવારના તમામની નોંધ હતી.

આ ઇ-મેઇલમાં રેડકીએ જણાવ્યું હતું કે તેણીએ ફરીથી રેકોર્ડ ચેક કર્યો પરંતુ તે ત્યાંથી ગાયબ હતો.જેમણે ગાંધીની ઓળખ આપી હતી તે એલએચટીઆર-૬૨ઝેડ અજાણ્યુ નામ બની ગયું.આવા રેકોર્ડ અદ્રશ્ય થઇ જવા તે અસામાન્ય છે.તેણીએ એલડીએસના પ્રેસીડેન્ટ થોમસ એસ મોનસુનને ફેબ્રુઆરી ૨૪ ના રોજ ટુંકો માહીતી માંગતા પત્ર લખ્યો પરંતુ આજદીન સુધી તેનો જવાબ મળ્યો નથી.

માહીતીના આધારે ઝેડે પુછ્યુ કે ગાંધીનું બાપ્તિસમા કોઇ પ્રોક્ષી દ્વારા એલડીએસે કર્યું, તો આવા કેટલા હિંદુ લોકોના બાપ્તિસમા પ્રોક્ષી દ્વારા કરવામાં આવ્યા છે.જો કરવામાં આવ્યા હોય તો તેમના જીવીત કુટુંબીજનોની રજામંદી લેવામાં આવી હતી?એલડીએસની હાલમાં અને ભુતકાળમાં હિંદુઓના પુર્વજોને બાપ્તિસમા આપવાની પોલીસી ચાલુ છે.ભવિષ્યમાં તે ચાલુ રહેવાની છે ?તાજેતરમાં આવેલા સમાચાર મુજબ મરણબાદ એક યહુદીઓના અધીકારો માટે લડતા એડવોકેટ સિમોન વિસનથાલના માંબાપ, જે એની ફ્રેન્ક (જુવાન દીકરી) યહુદીઓ વિરુધ્ધ જુવાળનો ભોગ બની.અને તાજેતરમાં મહાત્મા ગાંધીના સમાચાર,અમોને અદ્ભુત લાગે છે કે કેટલાં પુર્વજોને એલડીએસ દ્વારા તેમની મરજી વિરુધ્ધ બાપ્તિસમા આપવામાં આવ્યા.

જેડે વધુમાં કહ્યું હતું કે પ્રેસિડેન્ટ મોનસુન પોતે આ બાબતે માંફી માંગે અને આ બાબતમાં શું થયું છે તેની જાણકારી આપે.મોનસુન સંપુર્ણ વિગતો સાથે બતાવે કે અત્યાર સુધીમાં કેટલા હિંદુઓને બાપ્તિસમાં આપવામાં આવ્યા.અને તે પણ તેમની કે તેમના જીવીત સગાવહાલાઓની મરજી વગર.પ્રોક્ષીથી બાપ્તિસમા અમારા વડવાઓને આપવું,જેઓ હિંદુ તરીકે જીવ્યા અને મરણ પામ્યા,તે બાબત અમોને મંજુર નથી.આવી ભુલો ભવિષ્યમાં થાય નહી માટે એલડીએસે ગેરસમજો દુર કરવા માટે આગળ આવવું જોઇએ.

જેડીએ ઉમેર્યું હતું કે હિંદુઓ અને ઘણું ખરુ કરીને બીજા ધર્મના લોકો એલડીએસ સાથે સહયોગ કરીને કાર્ય કરવા માંગે છે. પરંતુ તે માટે વિશ્વાસનો પુલ હોવો જોઇએ.અમો એલડીએસે સારા અર્થમા જો કોઇ કાર્ય કર્યુ હોય તો અમે તેનો આવકાર કરીએ છીએ.અને બીજા ધર્મમાં માનનારા લોકો સાથે મળીને તેમની સાથે મીટીંગનું આયોજન પણ કરવા માંગીએ છીએ જેથી સારુ મિકેનીઝમ બનાવી શકાય.

રીપોર્ટ પ્રમાણે,કેથોલીકોએ પણ આવા બાપ્તિસમાનો વિરોધ કર્યો છે.જો કે રીપબ્લીકન અમેરિકન પ્રેસીડેન્ટની ચુટણીના ઉમેદવાર મીટ્ટ રોમની,ના સસરા એડવર્ડ ડેવીસનું પણ મરણબાદ બાપ્તિસમા થયું હતું.મરણબાદ બાપ્તિસમાની વિધિ પ્રોફેટ જોસેફ સ્મિથના એલડીઆર દ્વારા કરવામાં આવે છે.પ્રોક્ષી તરીકે ઉભા રહીને મરી ગયેલા પુર્વજો મારે મરણોત્તર આ વિધિ કરવામાં આવે છે.ચર્ચના સભ્ય મૃત્યુ પામેલા વતીથી આ વિધિનો અંગીકાર કરે છે.જેમને બાપ્તિસમાની તક મળી નથી,જેમનો કોઇ તેમાં દોષ નથી,પરંતુ આમ કરવાથી તેમને નર્કની યાતના ભોગવવી પડતી નથી.તેથી પ્રોક્ષી દ્વારા બાપ્તિસમાની જોગવાઇ કરવામાં આવી છે.આત્મિક જગતમાં રહેનારા જો બાપ્તિસમાની વિધિનો સ્વીકાર તેમના પ્રોક્ષીઓ દ્વારા કરે છે તો તેમને તેનો ફાયદો મળે છે.બાપ્તિસમાની મરણોત્તર વિધિ ટેમ્પલમાં કરવામાં આવે છે જેથી તેની પવિત્રતા જળવાય.તેમજ આ વિધિ સફેદ વસ્ત્રો સાથે પાણીમાં ડુબાડવાની ક્રિયા છે.

એલડીએસ ઝડપથી વિકસી રહેલો ધાર્મિક પંથ છે.જેમાં ૧૫ એપોસ્ટલ,મોનસુન પ્રેસીડેન્ટનો તેમાં સમાવેશ થાય છે.( અને જેમને એક પ્રબોધક માનવામાં આવે છે.)પ્રથમ અને દ્રીતીય કાઉન્સીલર હેનરી બી. ઇયરીંગ તથા ડાયટર એફ.ઉચ્ડ્રોફ છે.તેમજ કોરમ ઓફ ટ્વેલના પ્રેસીડેન્ટ બોયડ કે પેકર છે.એલડીએસ મોરમોન ચર્ચ તરીકે જાણીતું છે.જે પોતાને એક ખ્રિસ્તી સંસ્થા ગણાવે છે.તેના ૧૩૪ ટેમ્પલ છે અને ૧૪ મીલીયન સભ્યસંખ્યા છે.ઉપરોક્ત બાબતો પર વિચાર કરીએ તો હિંદુ વિધિ પ્રમાણે શ્રાધ ની જેવી આ વિધિ એલડીએસે શરુ કરી લાગે છે.પરંતુ ખ્રિસ્તી ધર્મ સંસ્કારો સાથે તેનો મેળ બેસતો નથી.

# ઉપવાસના દિવસોમાં બાયબલનો અભ્યાસ ઉત્સાહપ્રેરક હોય છે

ધ વર્લ્ડ ઇવેન્જલીકલ એલાયન્સે ભારપુર્વક જણાવ્યું હતું કે લેન્ટ એટલે કે ઉપવાસના દિવસોમાં બાયબલનો અભ્યાસ દૈનિક જીવનમાં ભાથુ પુરુ પાડે છે.ડબલ્યુઇએના એમ્બેસેડર બ્રિયાન સ્ટીલર કહે છે કે ઇશ્વરના શબ્દો વિશ્વાસી લોકોને તેમના આંતરિક જીવનમાં પોષણક્ષમ્ય આહાર છે.તેમણે કહ્યું હતું કે મોટાભાગના બુકસ્ટોર્સમાં રસોઇને લગતાં પુસ્તકો, અને આહાર નિયંત્રણના પુસ્તકોથી ભરાયેલા હોય છે.તેમજ સમાજના પ્રસંગોમાં દરેક જગ્યાએ શારીરીક બાબતો માટે ચર્ચા થતી હોય છે જેમાં મુખ્ય મુદ્દો આ વર્ષે મારે કેટલું વજન ઘટાડવાનું છે તે હોય છે.

આપણે પોતાના શારીરીક બંધાણ વિશે વિચારતા હોઇએ છીએ.પરંતુ આપણા આંતરિક શરીર માટેના ખોરાક માટે વિચારતા નથી.અને ઇશ્વર તરફથી મળતો ઇશ્વરના શબ્દોનો ખોરાક આપણે ભુલી જઇએ છીએ.તેમણે કહ્યું હતું કે ઇશ્વરના શબ્દો આપણે માટે પાણી,અને ખોરાક છે. જે આપણી આંતરિક ભુખને મટાડે છે અને આંતરિક રીતે મજબુત કરે છે.ઇશ્વરના શબ્દો આપણે માટે ડહાપણ, પ્રેમ, આપણી પોતાની વિશેની સમજ,જે વિશ્વમાં આપણે રહીએ છીએ તેમાટેની પુરી પાડે છે.અને ઇશ્વરના હૃદયની નજીક પહોચી શકીએ છીએ.

ઉપવાસના દિવસોમાં બાયબલ સાથે આપણું રોજીંદુ લગણ આપણે માટે યોગ્ય સમય છે.ઘણા બધા ખ્રિસ્તીઓ ઉપવાસના દિવસો દરમિયાન કેટલોક ભોગ આપે છે.કેટલીક વખત તેઓ આઇસક્રીમ,પોટેટો ચીપ્સ,કે બીજા ખોરાકોનો ત્યાગ કરે છે.આ સમય ભોગ આપવાનો નથી પરંતુ કંઇક મેળવવા માટેનો છે.

આ સમય છે જ્યારે આપણે ઇશુના મરણ અને તેના પુનરુત્થાનને યાદ કરવાનું છે.દિવસ દરમિયાનની કેટલીક મીનીટો,ઇશ્વરના પોષણ ક્ષમ્ય શબ્દો આપણા જીવનનો ભાગ બને.આ પ્રકારનો પ્રયત્ન દરેક વિશ્વાસ રાખનારને મજબુત અને દૃઢ બનાવશે.ઇશ્વર આપણને જેવા બનાવવા માંગે છે તે પ્રમાણે આપણે બનીએ. (સૌ. ક્રિશ્ચિયન પોસ્ટ : સ્ટોયન ઝાયમોવ)



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ઇન્ડીયા પાર્ટનર મિનિસ્ટ્રી અશક્ત મહિલાઓને હસ્તકલાની તાલીમ આપશે

ઈન્ડીયા પાર્ટનર મિનિસ્ટ્રીએ ચેન્નાઇ ખાતે અશક્ત મહિલાઓને હસ્તકલાથી બનાવાતી ચીજવસ્તુઓ માટેની તાલીમ પુરી પાડવાનું નક્કી કર્યું છે. તાલીમ દ્વારા ઉત્પાદિત હસ્તકલાના નમુનાઓ વેચીને તેઓ તેમનું ગુજરાન ચલાવી શકે.

શારીરીક રીતે અશકત મહિલાઓને નોકરી માટે તાલીમ આપવી અઘરી છે.ભારતના ૪૦-૮૦ મીલીયન લોકો અશિક્ષિત છે જેમાં અશકત લોકો ૫૨ ટકા જેટલા છે.અશક્ત લોકો તેમના રોજીંદા જીવનમાં અવગણનાનો સામનો કરી રહ્યા છે.સામાજીક વ્યવસ્થા એવી છે કે શારીરીક અશક્ત લોકો નાણાકીય તંગી અને કુટુંબનો તિરસ્કાર પામે છે.કેટલાક લોકો ઘરબાર વિહોણાં છે.શિક્ષણ વગરના અને નોકરીની તામીલ વગરના લોકોને છેવટે ભીખ માંગવાનો વારો આવે છે.

ઈન્ડીયા પાર્ટનરે આવા અશક્ત લોકોને માટે ભારતમાં ખાસ પ્રકારની તાલીમની વ્યવસ્થા ઉભી કરી છે.આ ઉપરાંત તેમના માટે એક હોસ્ટેલની વ્યવસ્થા પણ કરવામાં આવી છે જ્યા તેઓ રહી શકે અને તાલીમ લઈ શકે.

પાવઈ એક અશક્ત મહિલા,જેણે હાલમાં હસ્તકલાની તાલીમ ઈન્ડીયા પાર્ટનર દ્વારા શરુ કરવામાં આવી તેમાં ભાગ લીધો હતો.બે મહિનાના આ તાલીમ દરમિયાન પવાઈ અને બીજી સાત મહિલાઓ હસ્તકલાની ચીજ વસ્તુઓ બનાવતાં શીખી.તેમજ તે માટેના જરુરી સાધનો પણ મળ્યા.હવે તેણીઓ તેમના દ્વારા બનાવાયેલ ચીજવસ્તુઓ વેચીને આવક મેળવે છે.

અશક્ત મહિલાઓ તેમની ચીજવસ્તુઓ બજારમાં વેચી શકે માટે તેમના માટે વીલ ચેર કે હાથથી ચાલતી ટ્રાઈસીકલ, ઈન્ડીયા પાર્ટનર દ્વારા વ્યક્તિગત દાન સ્વરુપે સ્વીકારાય છે. અને આવી વ્યક્તિઓને આપવામાં આવે છે જે તેમને નિર્ભર બનવા માટે મદદરુપ બને છે.

પવાઈને હાથથી ચાલતી ટ્રાઈસીકલ મળી છે તેણી જણાવે છે કે હવે હું બીજા પર નિર્ભર નથી મારી જાતે હુ બહાર જઈ શકું છું અને મારુ કાર્ય કરી શકું છું.

ઈન્ડીયા પાર્ટનરનું કાર્યક્ષેત્ર મોટા સ્વદેશી ગ્રુપો,જેઓ ગ્રાસરુટ પર વિશ્વાસ આધારિત કાર્ય કરતા હોય,તેમની સાથે છે જે ગરીબી અને અન્યાય સામે લડી રહ્યા છે.

# મદ્રાસ ક્રિશ્ચીયન કોલેજે ૧૭૫ વર્ષ પુરા કર્યાની ઉજવણી કરી



મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, એશીયાની સૌથી અને ખ્યાતિપ્રાપ્ત કોલેજ તેની સ્થાપનાના ૧૭૫ વર્ષ પુરા કર્યા તેની ઉજવણી કરી રહ્યું છે.ચેન્નાઇ ખાતે તેના ૬૦૦૦ વિદ્યાર્થીઓ, ૫૦ ઈન્ડીયન મેમ્બરર્સ ઓફ કોલેજીસ,અને યુનીવરસીટીઝ ઓફ એંગ્લીકન કોમ્યુનનાએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

૧૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે આભાર સ્તુતિની સભા યોજવામાં આવી હતી.યાદગાર ઈતિહાસ અને માનવતાને યાદ રાખી ડો.જેરમી લો, ડીન ઓફ ચેપલ, કેન્ટબરી ક્રાઈસ્ટ ચર્ચ યુનીવરસીટી,ઈંગ્લેન્ડે અભિનંદન આપતું એક પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.જેમાં બધા પેટ્રનો અને આર્ચ બિશપ,કેન્ટબરી,રેવ ડો.રોવાન વિલિયમ્સે સહીઓ કરી હતી.ડો. લો ઈંગ્લેન્ડથી ચેન્નાઇ તેમના સાથી રેવ ડો.રોબર્ટ વિલિસ ,ડીન ઓફ કેન્ટબરી કેથેડ્રલ, સાથે અહીંયા આવ્યા હતા.અને ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું.

ડો વિલિસે કોલેજની ઉજવણી નિમિત્તે કહ્યું હતું કે એક પડકાર છે કે દરેક માણસે તેનું મન,શરીર અને આત્માને માનવતા અને સામાજીક કાર્યો માટે રેડી દેવો જોઇએ.તેમણે એક ડાહ્યા માણસની વાત જણાવી હતી.તેમણે ત્રણ સ્કોટીસ મિશનરી જેઓએ આ એમસીસી કોલેજની સ્થાપના કરી હતી તેમને યાદ કર્યા હતા.જોન એન્ડરસન,રોબર્ટ જોન્સટોન અને જોન બ્રેઈડવુડ.આ ત્રણ ડાહ્યા માણસો પશ્ચિમમાંથી ભારતમાં આવ્યા અને એક મિશન લઈને આવ્યા હતા. તે મિશન હતું ઈશ્વરનું ડહાપણ અને માનવતા પ્રગટ કરવાનું.

એમસીસી ચેપ્લીન રેવ ડો.મહેર સ્પુરજીઓને જણાવ્યું હતું કે આ એક સમય છે કે આપણે આ કોલેજના ભવ્ય ઈતિહાસની ઉજવણી કરી રહ્યા છીએ.ઈશ્વરે આપણે આ એક તક આપી છે કે આપણે આ ઈતિહાસમાં ભાગીદાર બનીએ અને તેનું ભવિષ્ય સમૃધ્ધ બનાવીએ.

આ કોલેજ વિશ્વાસના આધાર ઉપર શરુ કરવામાં આવી હતી.હવે તે માત્ર ખ્રિસ્તીઓ પુરતી સીમીત રહી નથી પરંતુ બીજા ધર્મોના વિદ્યાર્થીઓને પણ આર્કષી શકી છે.ભારતની ૧૦ ટોપ કોલેજોમાં આ કોલેજની ગણના થાય છે.હાલમાં ૨૨૦ ફેકલ્ટી મેમ્બર છે અને તેઓ ૩૧ ડીપાર્ટ.માં તેમની સેવાઓ આપે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર
મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦



# રાજ્યમાં ગોધરાકાંડ બાદ થયેલા હુલ્લડોમાં ભોગ બનેલાઓને દસ વર્ષ પછી પણ ન્યાય મળ્યો નથી

દસ વર્ષ પહેલાં, કોચ એસ-૬,સાબરમતી એક્સપ્રેસ, પર ગોધરા નજીક હુમલો કરવામાં આવ્યો,જેમાં અયોધ્યાથી પરત ફરતા કારસેવકો હતા જે પૈકીના ૫૯ કારસેવકોના મોત નિપજ્યા હતા. ત્યાર બાદ ગુજરાતમાં કોમી હુલ્લડો ફાટી નિકળ્યા હતા. અને તેમાં ૧૫૦૦ જેટલા મુસ્લીમોના જાન ગયા હતા.છેલ્લા દસ વર્ષમાં અનેક બાબતો બની ગઈ.કેટલાંક અગત્યના ચુકાદાઓ આવ્યા,કેટલીક જાહેરાતો થઈ,અને સાચી દિશામાં કેટલાંક નિર્દશનો થયા. પરતુ આ બધુ જોતા, ન્યાયનું ચક્ર તો ધીમે ધીમે જ ચાલતું રહ્યું : હ્યુમન રાઈટ્સ અને પીસના કાર્યકર્તા ફાધર સેડ્રીક પ્રકાશે આ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે બનાવ બન્યા પછી થોડાક બદલાવ આવ્યો છે.જરા સરખી પણ બાબત જાણમાં આવતી નથી કે કોણ આ બધી બાબતોનો કર્તા હર્તા છે.લોકોના જીવનો સાથે કોણ રમત કરે છે ? રાજ્યમાં વસતી લઘુમતી બીજા દરજ્જાના નાગરિક તરીકે અવહેલના પામી રહ્યા છે.ગોધરાકાંડમાં ૧૩૪ શકમંદો સામે તપાસ ચાલી,જે પૈકીના ૯૪ લોકોને સેસન્સ કોર્ટે તપાસ્યા.૧૫ લોકોનો હજુ પત્તો નથી તેઓની ધરપકડ કરવાની બાકી છે.૨૫૪ સાક્ષીઓને તપાસવામાં આવ્યા,અને ૨૬૮ સાક્ષીઓને પડતા મુકવામાં આવ્યા.સત્યને છુપાવવા કે ઢાંકવા માટે બધીજ બાજુઓથી પ્રયત્નો કરવામાં આવ્યા.જેથી ન્યાય તોળવામાં આડશો આવે,તેવું તેમણે જણાવ્યું હતું.

રાજ્યએ ગાંધીજીના શીખવેલા આર્દશો મુજબ જાગવું જોઈએ,સત્યાગ્રહ અને અહીંસા જેવા આર્દશોને પ્રાધાન્ય આપવું જોઈએ તેવો આશાવાદ ફાધર સેડ્રીક પ્રકાશે સેવ્યો હતો.

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.